## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**તમે ભ્રષ્ટાચાર ન કરવો તે ન શીખો તો વાંધો નહીં પણ, ખબરદાર જો એ લોકોને આપણી ભ્રષ્ટાચારની રીત શીખવી છે તો...!!**

# લેકાવાડા ગામમાંથી દારુની બે બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા લેકાવાડા ગામે રહેતા ૨૧ વર્ષિય યુવક ના ઘરેથી પોલીસે દારુની બે બોટલ ઝડપી પાડી છે. ચિલોડા પોલીસના જણાવ્યા મુજબ લેકાવાડા ગામે રહેતા એક યુવક પોતાના ઘરેથી વિદેશી દારુનું વેચાણ કરે છે. જેને પગલે પોલીસે રેઈડ કરતા ઘરના આગળના ભાગે બંધ હાલતમાં રહેલા ટોઈલેટમાં એક બેગમાંથી દારુની બે બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૮૦૦ ની કિંમતની દારુની બોટલો જપ્ત કરીને યુવક વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.



ઉમેદવારને આવકાર : ગાંધીનગર લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી. જે. ચાવડા બુધવારે બપોરે કોંગ્રેસ કાર્યાલય ખાતે આવી પહોંચતા કાર્યકરોએ ઉમળકાપૂર્વક અભિવાદન કર્યું હતું. શહેર પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહે સુતરની આંટી પહેરાવી ડૉ. ચાવડાનું સૌ કાર્યકરો વતી સ્વાગત કર્યું હતું.

# વાવોલમાંથી વરલી મટકાનો જુગાર રમતા બે પકડાયા

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની ભાગોળમાં પોલીસ ચોકીથી ગણતરીના અંતરે પડેલી એક રીક્ષામાં વરલી મટકાનો જુગાર રમતા બે ઈસમો પોલીસના હાથે રંગેહાથ પકડાયા છે. પોલીસે આ શખ્સો પાસેથી રોકડ રૂ,.૧૯,૩૨૦ એક મોબાઈલ અને રીક્ષા મળીને કુલ રૂ. ૧,૭૪,૩૨૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વાવોલ ચોકીના હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈને ગામની ભાગોળે રીક્ષા સ્ટેન્ડ પાસે એક રીક્ષામાં બે શખ્સો વરલી મટકાનો જુગારહ રમતા-રમાડતા હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ કરતા રીક્ષા નં. જી.જે.૧૮.એ.વાય.-૪૭૯૯ માંથી બે શખ્સો રંગેહાથ પકડાઈ ગયા હતા.જેમાં ડભોડાના ગલુદણમાં રહેતા રમેશ ગગલભાઈ સોલંકી ઉં.વ.-૫૦ અને દશેલા ગામના બળદેવભાઈ હિરાભાઈ રાવળ ઉં.વ.૫૫ નો સમાવેશ થાય છે. બંન્ને પાસેથી પોલીસે કુલ રૂ.૧.૭૪ લાખનો મુદામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લવારપુર ગામે વરિષ્ઠ નાગરિકોનું સંમેલન યોજાયું

ચિલોડા, તા. ૩

ગાંધીનગરના પાદરે વસેલુ સુશિક્ષિત અને સમૃદ્ધિને વરેલું એકમાત્ર ગામ લવારપુરમાં ૬૦ વરસથી મોટી ઉંમરના વડીલોનું એક સીટીઝન કલબની પ્રવૃતિઓ નિહાળી તેઓએ તેમના ગામના બસો જેટલા વડીલ (ભાઈ-બહેનો)નું એક મંડળ બનાવી સહ પ્રવૃતિ કરી રહ્યા છે તેઓ વડીલોને



સક્રિય મંડળ છેલ્લા પાંચ વરસથી વરિષ્ઠ નાગરિકો માટે અનેકવિધ સેવાકીયકાર્ય થકી રચનાત્મક અને સામાજિક કાર્યક્રમો યોજી અનેરો ઉમંગ અને ઉત્સાહ સાથે જીવનશૈલીની પળો માણવા તત્પર બન્યા છે.

વરસો સુધી અમેરિકામાં રહેલા લવારપુર ગામના વતની અને પૂર્વ સારસ્વત રમણભાઈ એમ. પટેલ હાલ નિવૃતિ જીવન સાથે માદરે વતનમાં સેવાકીય યજ્ઞરૂપી પ્રવૃતિશીલ જ્યોત પ્રગટાવી રહ્યા છે. અમેરિકામાં થતી સિનીયર પ્રવાસ ફાર્મની મુલાકાત, યોગા અને તંદુરસ્તી જાળવવા શું કરવું તેની ચિંતન શિબિરો, પરિસંવાદો, સંમેલનો, માનસિક તણાવમાંથી મુક્તિ સ્વસ્થ નિરોગી જીવન કંઈ રીતે જીવવું જેવી અનેક માનવીય બાબતો ધ્યાનમાં લઈ સતત પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. ૧૦૨નોટાઉટ અને ચાલ જીવી લઈએ જેવી ફિલ્મો બતાવી તેમનું મન અને તન હરહંમેશ માનસિક બળને દઢ અને મક્કમ બનાવવા પ્રયાસો પ્રશંસનીય ગણાય છે.

લવારપુર ખાતે ૩૧મી માર્ચના રોજ લવારપુર ખાતે વરિષ્ઠ નાગરિકોનું વાર્ષિક સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે મહેમાન પદે ડૉ. મફતભાઈ પટેલ (તંત્રી અચલા) અને ડૉ. અનિલભાઈ પટેલ (મે. ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર) ગાંધીનગર ઉપસ્થિત રહી ૮૦ વર્ષ થયા હોય તેવા વડીલોનું શાલ ઓઢાડી તેમનું સન્માન કર્યુ હતુ. વડીલોને ગમતી અને આનંદદાયક જીવનશૈલી વિશે માર્મિક વક્તવ્ય આપી પ્રેરણા પુરી પાડી હતી. આગામી કાર્યક્રમમાં વડીલોને સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા લઈ જવાનો ખાસ પ્રવાસનું આયોજન હાથ ધરાશે. આ સંમેલનના કાર્યક્રમનો સફળ બનાવવા ગુણવંતભાઈ પટેલ, (પૂર્વ પ્રમુખ, ગુ. પ્રાથમિક શિક્ષક સંઘ અને શાળાના પ્રમુખ આર.એસ. પટેલ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# કોંગ્રેસના ૨૪ ઉમેદવારની યાદી

## દાહોદ અને ભરૂચના ઉમેદવારો બાકી

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે આજે વધુ છ ઉમેદવારના નામ સત્તાવારરીતે જાહેર કર્યા હતા. આની સાથે જ કોંગ્રેસે હજુ સુધી ગુજરાતમાં ૨૪ ઉમેદવારના નામ જાહેર કરી દીધા છે. કોંગ્રેસના જાહેર થયેલા ઉમેદવારોની વિસ્તૃત યાદી નીચે મુજબ છે.

| ઉમેદવાર | વિસ્તાર |
|---|---|
| જગદીશ ઠાકોર | પાટણ |
| પૂજા વંશ | જૂનાગઢ |
| લલિત કગથરા | રાજકોટ |
| લલિત વસોયા | પોરબંદર |
| તુષાર ચૌધરી | બારડોલી |
| વીકે ખાંટ | પંચમહાલ |
| જીતુ ચૌધરી | વલસાડ |
| નરેશ એમ મહેશ્વરી | કચ્છ |
| ધર્મેશ પટેલ | નવસારી |
| રાજુ પરમાર | અમદાવાદ પશ્ચિમ |
| ગીતાબેન પટેલ | અમદાવાદ પૂર્વ |
| પ્રશાંત પટેલ | વડોદરા |
| રણજીત રાઠવા | છોટા ઉદેપુર |
| ભરતસિંહ સોલંકી | આણંદ |
| એજે પટેલ | મહેસાણા |
| સીજે ચાવડા | ગાંધીનગર |
| પરેશ ધાનાણી | અમરેલી |
| સોમાભાઈ પટેલ | સુરેન્દ્રનગર |
| મુળુ કંડોરિયા | જામનગર |
| રાજેન્દ્ર ઠાકોર | સાબરકાંઠા |
| બિમલ શાહ | ખેડા |
| મનહર પટેલ | ભાવનગર |
| અશોક અધેવાડા | સુરત |
| પરથી ભટોળ | બનાસકાંઠા |

# આકરી ગરમીમાં પાણીજન્ય રોગચાળાને ડામવા કલોરીનેશનનુ પ્રમાણ વધારાયુ

## ગરમીમાં પાણીનો વપરાશ વધવાની સાથે પાણીજન્ય રોગચાળાનો ખતરો પણ મંડરાયેલો હોવાથી તંત્ર દ્વારા પાણીમાં કલોરીનેશનની માત્રા વધારાઇ

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરતા પાણીનો વપરાશ પણ વધ્યો છે. આડા દિવસોની સાપેક્ષમાં ગાંધીનગરમાં ઉનાળા દરમિયાન દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.ત્યારે આકરી ગરમીના દિવસોમાં પાણીજન્ય રોગચાળો વકરે નહી તે માટે પણ તંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. પાણીમાં કલોરીનેશનની માત્રા પણ ૩.૫ પી પી એમ સુધી કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરી છે.આકરી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. જયારે ગરમીના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. આકરી ગરમીમાં મહત્તમ તાપમાન પણ ૪૦ ડી ગ્રીને પાર જતા હવે આકાશમાંથી વરસતા અંગારા પણ ચામડીને દાહ આપી રહ્યા છે ત્યારે અસહ્ય ગરમીમાં જન આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. પાણી જન્ય રોગચાળો પણ ગમે ત્યારે માથુ ઉંચકે તેવી દહેશત છે. આવા સંજોગોમાં પાણીની ગુણવત્તા અને કલોરીનેશન અંગે પણ તંત્ર વધુ સજાગ બન્યુ છે. આકરી ગરમીના દિવસોમાં પાણીનો ઉપયોગ વધી રહ્યો છે. જયારે પાણીના વપરાશની સાથે પાણીનો સપ્લાય પણ તંત્ર દ્વારા વધારી દેવામાં આવે છે. એક અંદાજ મુજબ ગરમીના દિવસોમાં પ્રતિદિન ૫૮ એમ એલ ડી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જયારે ગરમીને ધ્યાને લઈ પાણી જન્ય રોગચાળો વકરે નહીં તે માટે કલોરીનેશનનુ પ્રમાણ પણ વધારી દેવામાં આવ્યુ છે. આડા દિવસોમાં ૦.૨ પી પી એમ કલોરીનેશન પાણીમાં હોય છે. જયારે ઉનાળા દરમિયાન ૩.૫ સુધી કલોરીનેશન વધારી દેવામાં આવે છે. હાલ પાણીમાં કલોરીનેશનની માત્રા વધારી દેવામાં આવી છે. જયારે પાણીમાં જરૂરી તત્વો પણ ઉપલબ્ધ છે કે કેમ તે અંગેની ચકાસણી પણ કરવામાં આવી રહી છે. સમયાંતરે પાણીના નમુના મેળવી ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી દેવામાં આવે છે. હાલ ગરમીના લીધે પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે પણ તંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે.




કમલમ્‌માં ધમધમાટ : ચૂંટણીના પગલે ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ આરંભાઈ છે. બુધવારે બપોરે ચૂંટણી પ્રચાર સાહિત્યનું પ્રદર્શન યોજાયું હતું. હોર્ડીંગ્સ બેનર ઉપરાંત ગોગલ્સ, બિલ્લા, સ્ટીકર જેવાં વૈવિધ્ય પૂર્ણ સાહિત્યની અવનવાં રંગો અને આકારોમાં તૈયાર કરાયા હતા. ભાજપના વરિષ્ઠ નેતા સુરેન્દ્રકાકાના માર્ગદર્શન હેઠળ સમગ્ર પ્રચાર સાહિત્ય તૈયાર કરાયું છે.

# અવગણના સામે રાજકીય પક્ષોને બ્રાહ્મણો હંફાવશે : ડો. યજ્ઞેશ દવે

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના મુખ્ય કન્વીનર ડો. યજ્ઞેશભાઈ દવે એ એક અખબારી યાદીમાં જણાવેલ છે કે ગુજરાત રાજ્યના રાજકીય પક્ષો દ્વારા ઉત્તરોત્તર બ્રહ્મસમાજની રાજકીય રીતે આવગણના થઈ રહી છે અને અમારા સમાજને હાંસિયામાં ધકેલી દેવાની નેમ લીધી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

વધુમાં ગુજરાત રાજ્યની ૨૬ લોકસભા બેઠકમાં ભારતીય જનતા પાર્ટીએ માત્ર ૧ બેઠક પર બ્રાહ્મણ ઉમેદવારને ટિકિટ ફાળવી છે, જ્યારે કોંગ્રેસ પાર્ટીએ એક પણ બ્રાહ્મણ ઉમેદવારને ટિકિટ ફાળવી નથી. ત્યારે હું ડો. યજ્ઞેશ દવે ભારતીય જનતા પાર્ટી તથા કોંગ્રેસને ખુલ્લી ચેતવણી આપું છું કે ગુજરાતમાં ૯.૫ ટકાથી વધુ વસ્તી ધરાવતો બ્રાહ્મણ સમાજ નારાજ થયો છે. ત્યારે રાજકીય પક્ષ તરફથી થયેલ બ્રહ્મસમાજની અવગણનાનું પરિણામ ભોગવવા બંને રાજકીય પક્ષોએ તૈયાર રેહવું પડશે. જે આવનારા ચૂટણી પરિણામમાં જોવા મળશે.

સાથોસાથ જણાવું છું કે આગામી લોકસભાની ચાર સીટ ઉપર બ્રાહ્મણોના મત નિર્ણાયક છે. તેવી જગ્યાએ ઉમેદવારી નોધાવવાની છેલ્લી તારીખ ૪/૪/૨૦૧૯ના રોજ અપક્ષ ઉમેદવાર તરીકે બ્રહ્મસમાજના શીર્ષસ્થ અગ્રણીઓ ઉમેદવારી નોંધાવશે અને બંને રાજકીય પક્ષોને છઠ્ઠીનું ધાવણ યાદ આપવી દેશે. સાથે ભૂદેવ સમાજની સાથે સવર્ણ સમાજના અન્ય સમાજો પણ સાથ આપશે જ તેવો અમને વિશ્વાસ નહીં શ્રદ્ધા છે.

# નારાયણા હોસ્પિટલ ખાતે તાવી મારફતે વૃધ્ધને નવજીવન મળ્યું

અમદાવાદ,તા. ૩

શહેરની નારાયણા મલ્ટિસ્પેશિયાલ્ટી હોસ્પિટલે અત્યંત નબળાં હૃદય સાથે ગંભીર ઓર્ટિક સ્ટેનોસિસ(એએસ) સાથે ૭૬ વર્ષનાં વૃધ્ધ પર તાવી (ટ્રાન્સકેથેટર ઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) સફળતાપૂર્વક હાથ ધર્યુ છે. આ હોસ્પિટલની પ્રથમ તાવી પ્રક્રિયા છે અને ગુજરાત રાજ્યમાં બાઈક્યુસ્પિડ ઓર્ટિકમાં તાવી પધ્ધિતનો આ કદાચ પ્રથમ સફળ કિસ્સો છે. ઉપરાંત આ પ્રક્રિયા હોસ્પિટલને તાવી માટે અતિ તાલીમબદ્ધ અને સ્પેશિયાલાઈઝ ડોક્ટર્સ ધરાવતી અત્યંત ઓછી હોસ્પિટલમાંની એક બનાવે છે. નારાયણા હોસ્પિટલના કાર્ડિયાક સર્જરીનાં સીનિયર કન્સલ્ટન્ટ ડો.અતુલ મસ્લેકર અને સ્ટ્રક્ચરલ હાર્ટ ડિસીઝ ઈન્ટરવેન્શન્સનાં ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ અને ક્લિનિકલ લીડ ડો. માણિક ચોપરા સહિતના નિષ્ણાતોની ટીમ દ્વારા રાજસ્થાનના સાંચોરના વતની એવા ૭૬ વર્ષીય અરૂરામ બિશ્નોઈ પર તાવી પધ્ધતિને સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી, જેને પગલે આ ગરીબ વૃધ્ધ દર્દીને નવજીવન બક્ષાયું હતું. તાવી પધ્ધતિની આ સફળતા બાદ હવે સાંકડો વાલ્વ ધરાવતા વયોવૃધ્ધ દર્દીઓ માટે આશા બંધાઈ છે. જે અંગે ડો.અતુલ મસ્લેકર અને ડો.માણિક ચોપરાએ જણાવ્યું હતું કે, થોડાં મહિનાઓ અગાઉ દર્દીને ચાલતાં ચાલતાં છાતીમાં દુઃખાવો અને શ્વાસ ફૂલાઈ જવાનું શરૂ થયું હતું. તેમને નારાયણા હોસ્પિટલમાં

# કોંગી દિગ્ગજોએ ઉમેદવારીપત્રો ભર્યા

## રેલી-સરઘસ મારફતે ઉમેદવારોએ ફોર્મ ભર્યા : અમરેલી બેઠકમાંથી ધાનાણી અને આણંદમાંથી ભરતસિંહે ફોર્મ ભર્યા : પોરબંદરથી વસોયા દ્વારા કરાયેલી ઉમેદવારી

ગુજરાત લોકસભાની ચૂંટણીને લઈ અમદાવાદ સહિત સમગ્ર રાજયમાં ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે અને આવતીકાલે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે ત્યારે આજે કોંગ્રેસના દિગ્ગજ ઉમેદવારોએ પોતપોતાના ઉમેદવારી ફોર્મ ભરીને પોતાને ફાળવાયેલી લોકસભા બેઠક માટેની વિધિવત્ ઉમેદવારી નોંધાવી હતી. આજે અમદાવાદ પશ્ચિમ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર રાજુ પરમાર, અમરેલીથી પરેશ ધાનાણી, આણંદથી ભરતસિંહ સોલંકી, પોરબંદરથી લલિત વસોયા, રાજકોટથી લલિત કગથરા અને પંચમહાલથી વી.કે.ખાંટએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા અને ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ, જરૂરી સોગંદનામાં પણ રજૂ કર્યા હતા. આજે ભરતસિંહ સોલંકી સહિતના ઉપરોકત ઉમેદવારો પોતાના ઉમેદવારીપત્રો ભરવા માટે રેલી-સરઘસ મારફતે પોતાના ઉમેદવારી ફોર્મ ભરવા માટે પહોંચ્યા હતા. અમરેલી બેઠક માટે વિપક્ષના નેતા પરેશ ધાનાણી તેમના સેંકડો સમર્થકો-ટેકેદારો સાથે રેલી સ્વરૂપે અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને ત્યાં વિધિવત્ રીતે પોતાનું ઉમેદવારી ફોર્મ ભરી ઔપચારિકતા પૂર્ણ કરી હતી. આ પ્રસંગે ધાનાણીએ જણાવ્યું હતું કે, મોદી સરકાર અને ભાજપના કુશાસનના કારણે આજે અર્થતંત્ર પડી ભાંગ્યુ છે, દેશમાં બેરોજગારી અતિશય હદે વધી ગઈ છે, નોકરી-ધંધા અને રોજગાર છીનવાઈ ગયા છે ત્યારે આ તમામ સમસ્યાનું સમાધાન હવે સત્તા પરિવર્તન જ છે અને મતદારોએ આ વખતે કોંગ્રેસને તક આપી લોકશાહીને વિજયી બનાવવી જોઈએ તેવી તેમણે અપીલ કરી હતી.

દરમ્યાન અમદાવાદ પશ્ચિમ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર રાજુ પરમાર તેમના સેંકડો સમર્થકો-ટેકેદારો અને અમ્યુકો વિપક્ષના પૂર્વ નેતા સુરેન્દ્ર બક્ષી, એડવોકેટ ઈકબાલ શેખ સહિતના આગેવાનો સાથે અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા અને પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ પહેલા રાજુ પરમારે આ આગેવાનો સાથે ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હાર પહેરાવી તેમને




શ્રધ્ધાંજલિ અર્પી આશીર્વાદ પણ લીધા હતા. આ જ પ્રકારે આણંદ લોકસભા બેઠક માટે પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ માથામાં સાફો બાંધી દેવદર્શન કરી માથે તિલક લગાવ્યા બાદ સેંકડો સમર્થકો સાથે પોતાનું ઉમેદવારીફોર્મ ભર્યુ હતું. પોરબંદરથી લલિત વસોયા, રાજકોટથી લલિત કગથરા અને પંચમહાલથી વી.કે.ખાંટે પણ પોતપોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ આજે ઉમેદવારીપત્ર ભરતાં કોંગ્રેસમાં ભારે ઉત્સાહનો માહોલ છવાયો હતો અને કોંગ્રેસની છાવણીમાં જીતની આશા બંધાઈ હતી.

# એહમદભાઈ પટેલ અને શકિતસિંહ ચૂંટણી નહીં લડે

## બંને દિગ્ગજ નેતાઓએ લોકસભામાં ચૂંટણી નહી લડવાનું મન બનાવતાં સમર્થક અને ટેકેદારમાં થોડી નિરાશા પ્રવર્તી

અમદાવાદ, તા.૩

લોકસભાની ચૂંટણીને લઈને ગુજરાતમાં ભારે રસાકસી દેખાઈ રહી છે. કોંગ્રેસ હજી આઠ ઉમેદવારોની પસંદગી કરી તેની જાહેરાત કરવામાં અટવાયેલી છે, ત્યાં લોકસભા ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસના બે દિગ્ગજ નેતાઓએ ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો છે.

કોંગ્રેસ નેતા અહેમદ પટેલ અને પૂર્વ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે ચૂંટણી લડવાથી સ્પષ્ટ ઈન્કાર કર્યો હોવાની વાત સામે આવી રહી છે. રાહુલ ગાંધીએ ચૂંટણી લડવા માટે મનાઈ કરી હોવાથી બન્ને નેતાઓએ ના પાડી હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. જો કે, આ બંને દિગ્ગજ નેતાઓએ લોકસભામાં ચૂંટણી નહી લડવાનું મન બનાવતાં તેમના સમર્થકો-ટેકેદારોમાં પણ થોડી નિરાશા પ્રવર્તી હતી.

ગુજરાત કોંગ્રેસના સૂત્રોના મતે, કોંગ્રેસના રણનીતિકાર કહેવાતા અહેમદ પટેલ વર્તમાન રાજ્યસભા સાંસદ છે, અને શકિતસિંહ ગોહિલ કોંગ્રેસ પાર્ટીના બિહારના પ્રભારી છે. એવું મનાઈ રહ્યું છે કે, બંને નેતાઓએ સંગઠનનું કામ પ્રભાવિત ન થાય તે માટે ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો છે. અગાઉ એવી અટકળો તેજ બની હતી કે, કોંગ્રેસ અહેમદ પટેલને ભરૂચથી ચૂંટણી લડાવશે.

ભરૂચની સીટ પર અહેમદ પટેલનું પહેલાથી વર્ચસ્વ રહેલું છે, તેઓ અહીંથી ત્રણ વખત સાંસદ પર રહી ચૂક્યા છે. અહેમદ પટેલ ૧૯૭૭, ૧૯૮૦ અને ૧૯૮૫ના લોકસભા ઈલેક્શનમાં કોંગ્રેસના સાંસદ રહ્યા છે. પરંતુ વર્ષ ૧૯૮૯માં રામ મંદિર મુદ્દાને કારણે તેઓ હારી ગયા હતા. ત્યારથી આજ સુધી ભરૂચ સીટ પર કોંગ્રેસ ક્યારેય જીતી શકી નથી.